# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/374 Dt. 24/03/2026

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળે પૂણેમાં યોજાયેલા 'ગૌ ટેક એક્ષ્પો'ની મુલાકાત લઇ ગૌ આધારિત ઉદ્યોગ અને તેમાં રહેલી તકોની જાણકારી મેળવી

### ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલા અને ચેમ્બરની એગ્રીકલ્ચર એન્ડ એનિમલ હઝબન્ડરી કમિટીના ચેરમેન શ્રી કે.બી. પિપલીયાએ ગૌ ટેક એક્ષ્પોમાં વિવિધ પ્રોડકટ્સનો અભ્યાસ કર્યો

### ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ભારત સરકારના ગૌ સેવા આયોગની સાથે રહીને સુરતમાં ફેબ્રુઆરી–૨૦૨૭માં ગૌ ટેક અને એનિમલ હઝબન્ડરી એક્ષ્પોની સાથે પશુ મેળો યોજાશે, એમઓયુ પણ કરાશે

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલા તથા ચેમ્બરની એગ્રીકલ્ચર એન્ડ એનિમલ હઝબન્ડરી કમિટીના ચેરમેન શ્રી કે.બી. પિપલીયાએ મહારાષ્ટ્રના પૂણે ખાતે તા. ર૦થી ર૩ માર્ચ ર૦ર૬ દરમ્યાન યોજાયેલા ગાય આધારિત ગ્લોબલ સમિટ એન્ડ એક્ષ્પો 'ગૌ ટેક ર૦ર૬' એક્ષ્પોની મુલાકાત લીધી હતી. આ એક્ષ્પોના ઉદ્‌ઘાટન સમારોહમાં તેઓએ અતિથિ વિશેષ તરીકે હાજરી આપી સેમિનારમાં પણ સક્રિય રીતે ભાગ લીધો હતો.

આ એક્ષ્પોમાં ગાય આધારિત પ્રોડકટ્સ બનાવતા ઉદ્યોગકારો, દૂધ ઉત્પાદકો, મશીનરી નિર્માતાઓ તથા લેબોરેટરી ક્ષેત્ર સાથે સંકળાયેલા અનેક ઉદ્યોગ સાહસિકોએ ભાગ લીધો હતો. વિવિધ સ્ટોલ્સ પર પ્રદર્શિત ઉત્પાદનો અને ટેકનોલોજી અંગે ચેમ્બરના પ્રતિનિધિઓએ વિસ્તૃત માહિતી મેળવી હતી. ગૌ આધારિત પ્રોડકટ્સના ક્ષેત્રમાં વધતી માંગ અને તેના વ્યાપારિક અવસરો અંગે પ્રતિનિધિઓએ વિશેષ રસ દાખવ્યો હતો.

ચેમ્બરના ઉપપ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ જણાવ્યું હતું કે, ભારત સરકારના ગૌ સેવા આયોગના ચેરમેન ડો. વલ્લભ કથિરિયા સાથે પૂણે ખાતે એક્ષ્પો દરમ્યાન બેઠક કરી હતી, જેમાં ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સુરત ખાતે આગામી ફેબ્રુઆરી– ૨૦૨૭ દરમિયાન ભારત સરકારના ગૌ સેવા આયોગના સહયોગથી 'ગૌ ટેક અને એનિમલ હઝબન્ડરી એન્ડ ડેરી ટેકનોલોજી' એક્ષ્પોનું આયોજન કરવા અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. આ એક્ષ્પોમાં વિશેષ કરીને પશુ મેળો પણ યોજાશે, જેમાં ગાય, ઘોડા અને હાથીઓનું પ્રદર્શન કરવામાં આવશે. સાથે જ ઉત્તમ પશુપાલકોને એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવશે.

'ગૌ ટેક અને એનિમલ હઝબન્ડરી એન્ડ ડેરી ટેકનોલોજી' એક્ષ્પો સંદર્ભે ચેમ્બર ઓફ કોમર્સ અને ભારત સરકારના ગૌ સેવા આયોગ વચ્ચે આગામી દિવસોમાં એમઓયુ પણ સાઇન કરવામાં આવશે. આગામી સમયમાં સુરત ખાતે આ પ્રકારના વિશાળ એક્ષ્પોના આયોજનથી ગૌ આધારિત ઉદ્યોગો, ડેરી અને પશુપાલન ક્ષેત્રને પ્રોત્સાહન મળશે તેમજ ઉદ્યોગકારો અને ખેડૂતો માટે નવા વ્યવસાયિક અવસરો ઊભા થશે તેવી તેમણે આશા વ્યક્ત કરી હતી.